# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade "B" by NAAC(4th Cycle)

જોડાણ વિભાગ, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૨૧૪ / ફેક્સ નં. : (૦૨૮૧) ૨૫૭૬૩૪૭
ઈ-મેઈલ : affiliation@sauuni.ac.in


નં જોડાણ/પ૧/૪૪૦ /૨૦૨૧ તા. ૨૬-૧૦-૨૦૨૧

સંદર્ભ :- સિન્ડીકેટ તા. ૨૫.૦૮.૨૦૨૧ ની સભાના ઠરાવ ૨૬ (૩)

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે તા ૧૩.૦૮.૨૦૨૧ ની એકેડેમિક કાઉન્સિલ ના ઠરાવ નં. ૦૩ થી થયેલ ભલામણ તા. ૨૫.૦૮.૨૦૨૧ ની સિન્ડીકેટની સભાના ઠરાવ ક્રમાંક ૨૬ (૩) થી સ્વીકારવામાં આવેલ છે.

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩-૮-૨૦૨૧ ઠરાવ નં. ૦૩ નો સંદર્ભ ભાગ

"શરતો :

૧. અભ્યાસક્રમના વર્કલોડ મુજબ ભરવા પાત્ર શૈક્ષણિક સ્ટાફની વિગતો રજુ કરવી.
૨. અભ્યાસક્રમના વર્કલોડ મુજબ ભરવાપાત્ર શૈક્ષણિક સ્ટાફની ભરતી પ્રક્રિયા ત્રણ માસમાં પૂર્ણ કરવી.
૩. ભરતી કરવામાં આવેલ શૈક્ષણિક સ્ટાફની શૈક્ષણિક માન્યતા મેળવવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત શરતોનો અમલ ૨૦૨૧-૨૨ કે ત્યારબાદના વર્ષો માટે જે જોડાણ અરજી આવે તે તમામને લાગુ પાડવો.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્થાનિક તપાસ સમિતિ દ્વારા સંસ્થાની મુલાકાત લેવામાં આવે ત્યારે જે તે સંસ્થાની મુલાકાતના સંદર્ભમાં માળખાકીય સુવિધાઓ , શૈક્ષણિક કાર્ય વગેરે પ્રવૃત્તિઓનું વિડીયો રેકોર્ડીંગ સી.ડી. /પેન ડ્રાઈવમાં રજુ કરવું. ઉપર્યુક્ત બાબતનો અમલ એકેડેમિક વર્ષ ૨૦૨૨-૨૩થી કરવો."

એકેડેમિક કાઉન્સિલની ઉપર્યુક્ત શરતો ૧ થી ૩ નું પરીપાલન એકેડેમિક વર્ષ ૨૦૨૧-૨૨ કે ત્યાર પછી ની તમામ જોડાણ પ્રક્રિયામાં લાગુ પડશે અને તે મુજબ જે તે વર્ષમાં જોડાણ અરજી કરવામાં આવે ત્યારે શરતોનું થયેલ પરિપાલન આધારસહ અરજી સાથે મુકવાનું રહેશે. આ ઉપરાંત સ્થાનિક તપાસ સમિતિના સભ્યોશ્રી દ્વારા જયારે કોલેજની મુલાકાત લેવામાં આવે ત્યારે કોલેજે ઉપર્યુક્ત ઠરાવના સંદર્ભમાં વિડીયો રેકોર્ડીંગ કરી તેની સીડી/પેન ડ્રાઈવ અહેવાલ સાથે જ સમિતિને રજુ કરવાની રહેશે જે સમિતિ દ્વારા અહેવાલ સાથે યુનિવર્સીટીને રજુ કરવામાં આવશે. આ બાબતનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી કરવાનો રહેશે, જે સર્વેને વિદિત થાય.

સહી/-
( શ્રી નિલેશ સોની )
કુલસચિવ

(મુસદ્દો કુલસચિવશ્રીએ મંજુર કરેલ છે.)

રવાના કર્યું

નાયબ કુલસચિવ
જોડાણ વિભાગ

પ્રતિ,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ

નકલ સાદર રવાના:-

૧. માન.કુલપતિશ્રી/ માન.ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

૨. સર્વે સિન્ડીકેટ સભ્યશ્રીઓ

૩. એકેડેમિક કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ

૪. તમામ સેનેટ સભ્યશ્રીઓ

૫. તમામ ભવનોના અધ્યક્ષશ્રીઓ ( સર્વે શૈક્ષણિક સ્ટાફના વંચાણે મુકવા વિનંતી છે. )

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-

૧. કોમ્પ્યુટર સેન્ટર ( વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે ...)

૨. તમામ વિભાગોના વડાઓ